
# શહેરના વધુ ૩૭ તેજસ્વી વિદ્યાર્થીઓ



| ક્રમ | વિદ્યાર્થીનું નામ | સ્કૂલનું નામ | ગુણ (૬૦૦માંથી) |
|---|---|---|---|
| ૧૧ | પ્રજાપતિ આશિષ | સી.એમ. વિદ્યાલય | ૫૫૭ |
| ૧૧ | ગાંધી તિર્થ વિ. | સ્વામિનારાયણ હાઈ, સે. ૨૩ | ૫૫૭ |
| ૧૨ | ઝાલા સંકલ્પ ડી. | સેંટ ઝેવિયર્સ | ૫૫૬ |
| ૧૩ | શર્મા વિવેક | સ્વામિ. ગુરૂકુળ | ૫૫૪ |
| ૧૩ | દાવડા હિરલબેન કે. | આર.સી. પટેલ હાઈ. | ૫૫૪ |
| ૧૪ | પટેલ ફેની. આર. | કાર્મેલ સ્કૂલ | ૫૫૨ |
| ૧૪ | પટેલ દૃષ્ટિ આર. | કાર્મેલ સ્કૂલ, અંગ્રેજી માધ્યમ | ૫૫૨ |
| ૧૫ | પટેલ નિસર્ગ | સ્કૂલ ઓફ એચીવર કુડાસણા | ૫૫૧ |
| ૧૫ | ગોરે પ્રિત | ઈન્ફોસીટી સ્કૂલ | ૫૫૧ |
| ૧૫ | મનસુરી મરહબા | સેંટ ઝેવિયર્સ | ૫૫૧ |
| ૧૫ | પટેલ આરઝુ | કાર્મેલ સ્કૂલ | ૫૫૧ |
| ૧૬ | શાહ વૈષ્ણવી આર. | કાર્મેલ સ્કૂલ | ૫૫૦ |
| ૧૭ | વાણિયા હિમલ | સ્કૂલ ઓફ એચીવર કુડાસણ | ૫૪૯ |
| ૧૭ | ધારવા સલોની કે. | સેંટ ઝેવિયર્સ | ૫૪૯ |
| ૧૭ | મોદી ખિલન વિ. | સ્વામિનારાયણ સ્કૂલ, સે. ૨૩ | ૫૪૯ |
| ૧૭ | મહિયલસિંગ જાડેજા | એમ.બી. પટેલ સ્કૂલ, સે. ૨૩ | ૫૪૯ |
| ૧૭ | બારોટ હિમાંશુ આર. | કાર્મેલ સ્કૂલ | ૫૪૯ |
| ૧૮ | પ્રજાપતિ દિપેશ | સ્કૂલ ઓફ એચીવર કુડાસણ | ૫૪૮ |
| ૧૮ | મિસ્ત્રી આયુષી જી. | સેંટ ઝેવિયર્સ | ૫૪૮ |
| ૧૮ | પટેલ ધ્રુવ એમ. | સ્વામિનારાયણ સ્કૂલ, સે. ૨૩ | ૫૪૮ |
| ૧૮ | પ્રજાપતિ ભાવિક | શેઠ સી.એમ. સે. ૨૩ | ૫૪૮ |
| ૧૯ | ગોસ્વામી પાર્થ | ગુરૂકુળ, સે. ૨૩ | ૫૪૭ |
| ૧૯ | શાસ્ત્રી હેત્વી એચ. | સેંટ ઝેવિયર્સ | ૫૪૭ |
| ૧૯ | યાજ્ઞિક ભાર્ગવ સી. | કાર્મેલ સ્કૂલ | ૫૪૭ |
| ૧૯ | વૈષ્ણવ વૈદેહિ | કાર્મેલ સ્કૂલ | ૫૪૭ |
| ૨૦ | પટેલ હિલોની | સ્કૂલ ઓફ એચીવર | ૫૪૬ |
| ૨૦ | કેલ્વીન ગામેતી | ગુરૂકુળ સ્કૂલ | ૫૪૬ |
| ૨૦ | જય પટેલ | જે.એમ. ચૌધરી(નોન ગ્રાન્ટેડ) | ૫૪૬ |
| ૨૦ | પરમાર શ્રીનીધી | સેંટ ઝેવિયર્સ | ૫૪૬ |
| ૨૧ | મહેશ્વરી પરફ્યુમ | કાર્મેલ સ્કૂલ | ૫૪૫ |
| ૨૨ | પટેલ ચાર્મી | સેંટ ઝેવિયર્સ | ૫૪૪ |
| ૨૨ | ગોસ્વામી કર્તવ્ય | ગુરૂકુળ, સે. ૨૩ | ૫૪૪ |
| ૨૨ | વ્યાસ બંસરી | આર.જી. કન્યા વિ. | ૫૪૪ |
| ૨૩ | પટેલ મનન | એચીવર કુડાસણ | ૫૪૩ |
| ૨૩ | શુકલ જુઈ વી. | સેંટ ઝેવિયર્સ | ૫૪૩ |
| ૨૪ | શુકલ શિવા | એચીવર કુડાસણ | ૫૪૨ |
| ૨૫ | મછાર હિતાર્થ | સ્કૂલ ઓફ એચીવર | ૫૪૦ |

## ચોમાસુ માથે પણ સરકારી આવાસોના ધાબાની છત સલામત નથી

**આવાસોના ધાબાની ટાંકી તોડાયા બાદ ધાબાની હાલત વધુ બદતર : ઘરઆંગણે જ ટાંકીના કચરાનો ઢગ ખડકી દેવાય છે**

ગાંધીનગર તા ૬

શહેરમાં સરકારી આવાસોની છત સલામત ન હોવાનો સુર છાશવારે ઉઠવા પામે છે. ત્યારે શહેરના મોટાભાગના આવાસોમાં છતમાંથી પાણી ટપકતું હોવાની ફરિયાદો ઉઠવા પામે છે.જેને ધ્યાને લઈ ચોમાસા દરમિયાન કોઈ અકસ્માત ન સર્જાય તે માટે તંત્ર દ્વારા શહેરના આવાસોની ટાંકી તોડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. પરંતુ ટાંકી તોડાયા બાદ આવાસોના ધાબે પ્લાસ્ટર કરવામાં આવતું નથી. જયારે બિલ્ડિંગ વેસ્ટ પણ રહીશોના આંગણે જ ઠલવી દેવાય છે.

શહેરમાં સરકારી આવાસોની બદતર હાલતને અનુલક્ષી તંત્ર દ્વારા આવાસોનું નવિનીકરણ હાથ ધરવામાં આવ્યુ છે. ચોમાસા દરમિયાન સેકટરોના આવાસોની છતમાંથી પાણી ટપકતા વસાહતીઓ માટે મોટો શિરદર્દ ઉભો થાય છે. જયારે આવાસોની છતમાંથી પોપડા ખરતા હોવાના કિસ્સાઓ પણ પ્રકાશમાં આવે છે. જોખમી બનતી પાણીની બિનઉપયોગી ટાંકીને તોડવા માટે તંત્ર દ્વારા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. પરંતુ ટાંકી તોડયા પછી પણ ભયજનક સ્થિતિ ટળી નથી. જયારે ધાબાના ભાગે પ્લાસ્ટર ન કરાતા ચોમાસમાં લીકેજીસની ફરિયાદો વધે તેવી સંભાવના છે.

આ ઉપરાંત ધાબાના ભાગે ચાઈના મોજેક કરવાનું કામ પણ કેટલાક ઠેકાણે અધુરુ છોડી દેવાયું છે.વધુમાં આવાસોની ટાંકી તોડાયા બાદ સેકટર ૮ સહિતના વિસ્તારમાં કચરો પણ વસાહતીઓના ઘર આંગણે જ ઠાલવી દેવાયો છે. આવા સંજોગોમાં ગમે ત્યારે વરસાદ આવે ત્યારે મચ્છર ઉત્તપ્તિ સ્થાનો ઉભા થતા રોગચાળો પ્રવર્તે તેવી ભયજનક સ્થિતિ સર્જાય છે.

## વિરેન્દ્રસિંહ વાઘેલા ભાવનગરના નિરીક્ષક તરીકે નિમાયા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રસિંહ વાઘેલાની ભાવનગર જિલ્લાના નિરીક્ષક તરીકે નિમણુંક કરી છે.

શ્રી વાઘેલા ભાવનગર જિલ્લા પંચાયતની યોજાનાર ચૂંટણી માટે નિરીક્ષક તરીકે સંગઠનમાંથી નિમણુંક પામ્યા છે. પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી ભરતસિંહ સોલંકી દ્વારા તેમની નિમણુંક કરવામાં આવી છે. તેમની સાથે અન્ય નિરીક્ષક તરીકે શ્રી ખોડાજી ઠાકોરની પસંદગી કરવામાં આવી હોવાનું અખબારી યાદીમાં જણાવાયું છે. શ્રી વિરેન્દ્રસિંહ વાઘેલાની નિરીક્ષક તરીકે નિમણુંક થતા જિલ્લા કોંગ્રેસમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

## ભાજપાના પ્રદેશ પ્રભારી ડૉ. દિનેશજી શર્મા ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે

ગાંધીનગર, તા. ૬


પ્રદેશ પ્રભારી તથા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ડૉ. દિનેશજી શર્મા તા. ૭ જૂનના રોજ અમદાવાદ મહાનગર ખાતે શહેર કાર્યકારી જૂથની બેઠક તેમજ ઉત્તર ભારતીય સમાજના અગ્રણીશ્રીઓ સાથે બેઠક યોજશે.

પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે યોજાનારતા. ૮ જૂનના રોજ મહિલા મોરચા અને અનુસૂચિત જનજાતિ મોરચા તેમજ તા. ૯ જૂનના રોજ સવારે ગુજરાતના લોકસભા અને રાજયસભાના સાંસદશ્રીઓ તેમજ બપોરે પ્રશિક્ષણ સેલની બેઠક અને સાંજે ભાજપાના ધારાસભ્યોની બેઠકમાં ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

# તલાટીની પરીક્ષાનું પ્રશ્નપત્ર સરળ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લામાં આજે રાજય પંચાયત સેવા પસંદગી મંડળ



(તસવીર : દિપક જાની)

દ્વારા તલાટી સંવર્ગની પરીક્ષા યોજાઈ હતી. આ પરીક્ષા જિલ્લાની ૬૨ સ્કુલોમાં યોજવામાં આવી હતી. જેમાં કુલ ૨૦૯૪૦ પરીક્ષાર્થીઓએ ભાગ લીધો હતો. પરીક્ષામાં પેપર અકંદરે સરળ જણાતાં પરીક્ષાર્થીઓમાં હર્ષની લાગણી ફેલાઈ હતી પરંતુ આ કારણે પરિણામમાં મેરિટ ઉચું રહેવાની આશંકા પણ સેવાઈ રહી છે.

જિલ્લાની ૬૨ શાળાઓના કુલ ૬૯૮ બ્લોકમાં પરીક્ષા તંત્ર દ્વારા તલાટી સંવર્ગની પરીક્ષા યોજવામાં આવી હતી. સવારે ૧૧ થી ૧૨ વાગ્યા દરમિયાન યોજાયેલ પરીક્ષામાં પરીક્ષાર્થીઓએ એક કલાકના સમયગાળામાં ૧૦૦ પ્રશ્નોના ઉત્તર આપવાના હતા. ઓએમઆર પધ્ધતિથી લેવાયેલ આ પરીક્ષામાં ૧૦૦ ગુણના પ્રશ્નપત્રમાં ગણિત, અંગ્રેજી, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનના વિષયોને આવરી લેવાયા હતા. સામાન્ય જ્ઞાનને લગતા પ્રશ્નોમાં ગુજરાત સાહિત્ય અકાદમીના પ્રમુખ કોણ છે, એક દૈનિક અખબારમાં સ્પેકટ્રોમીટર કોલમના લેખક કોણ છે, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના મંત્રી કોણ છે અને દેશમાં પ્રથમ મહિલા રાજયપાલ કોણ હતા જેવા સવાલો પુછાયા હતાં. પરીક્ષાર્થીઓને આ સવાલોના જવાબોમાં ભાગ્યેશ જહા, જય વસાવડા, જયંતિભઈ કવાડીયા અને શારદા મુખરજીના નામો મોઢે ચઢેલા હોવાથી પ્રશ્નપત્ર ખુબ જ સરળ લાગ્યું હતું. પરીક્ષા આપ્યા બાદ પરીક્ષાર્થીઓ પ્રસન્ન ચિત્તે હસતા હસતા બહાર આવતા દેખાયા હતાં. જિલ્લા વાઈઝ અલગ અલગ પ્રશ્નપત્ર આ વખતની પ્રથામાં અન્ય જિલ્લાઓ કરતા ગાંધીનગર જિલ્લાનું પ્રશ્નપત્ર પ્રમાણમાં સરળ હોવાનું પરીક્ષાર્થીઓમાં ચર્ચાઈ રહ્યું હતું. જો કે સરળ પ્રશ્નપત્રના કારણે પરિણામમાં પણ મેરિટ ઉચું રહેવાની આશંકા પરીક્ષાર્થીઓ સેવી રહ્યા છે.

**જિલ્લાના ૬૨ કેન્દ્રો પર ૨૦૯૪૦ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી પ્રશ્નપત્ર સરળ હોવાથી પરિણામમાં મેરિટ ઉચું જવાની આશંકા**

તલાટી સંવર્ગની પરીક્ષા માટે પરીક્ષા તંત્ર દ્વારા ૬૨ ઓબ્ઝર્વર નિમવામાં આવ્યા હતા અને પરીક્ષાર્થીઓને પરીક્ષાના સમય કરતા ૪૫ મિનિટ વહેલા પરીક્ષાખંડમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. પરીક્ષા કેન્દ્રની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજયામાં ઝેરોક્ષ સેન્ટરો બંધ રખાયા હતા અને પરીક્ષા કેન્દ્રો પર સઘન પોલિસ બંદોબસ્ત કરાયો હતો. જો કે સમગ્ર જિલ્લામાં પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થવા પામી હતી.



ગતિશીલ ગુજરાત અન્વયે ચાલી રહેલ સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગાંધીનગરના મેયર શ્રીમતિ હંસાબેન મોદી, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી રાકેશ પટેલે આજે સિવિલ હોસ્પિટલ કેમ્પસની મુલાકાત લઈ સ્વચ્છતા અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. આ મુલાકાત વેળાએ સિવિલ સુપ્રિન્ટેન્ડન્ટ ડૉ. બિપીનભાઈ નાયક તેમજ ઈન્ચાર્જ આર.એમ.ઓ. ડૉ. કલ્પેશ શાહ, આઈએસએ ગાંધીનગર શાખાના ડૉ. અનિલ ચૌહાણ સહિતના આગેવાનો જોડાયા હતા.

## ઝીયારત / બેસણું



મર્હૂમ મનસુરી બાબુભાઈ ઈબ્રાહીમભાઈ તારીખ : ૫/૬/૨૦૧૫ના રોજ અલ્લાહની રહેમતમાં પહોંચી ગયા છે. તેમની ત્રીજાની ઝીયારત તારીખ : ૭/૬/૨૦૧૫ના રોજ તેમના નિવાસસ્થાને સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ દરમિયાન રાખેલ છે.

સ્થળ : મુ. પેથાપુર, જુની પાણીની ટાંકી પાસે, જીઈબી રોડ, પેથાપુર. મો. : ૮૭૩૫૯૦૧૫૦૬

મનસુરી નનુભાઈ આલમભાઈ
મનસુરી વલીભાઈ આલમભાઈ
મનસુરી લાલુભાઈ ઈબ્રાહીમભાઈ
મનસુરી ઈસુબાભાઈ ઈબ્રાહીમભાઈ
મનસુરી સીરાજભાઈ વલીભાઈ
મનસુરી યુનુસભાઈ વલીભાઈ
મનસુરી ઝાકીરભાઈ બાબુભાઈ
મનસુરી વસીમભાઈ યુસુફભાઈ
મનસુરી યાસીનભાઈ બાબુભાઈ
મનસુરી અરહાનભાઈ ઝાકીરભાઈ
મનસુરી આશીરભાઈ સમીરભાઈ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

Since 1986
अभय
ISO 9001:2008
• Corporate Gathering • Celebrations • Exhibitions • Marriage • Reception • Parties • Seminars
Y.A. Mansuri
M. : 9824049503
Sanjay S. Shah
P. Manubhai Medical
ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194
B/h. Videocon Factory,
Electronics Estate, GIDC,
Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87232
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com
www.abhaydecorators.com

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK 500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR. FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com